ગાંધીનગર શુક્રવાર, 1 ડિસેમ્બર 2023
City ભાસ્કર

મેજિકલ ક્યુઆર
આજે જુઓ, વેબ સિરીઝ રેન્કિંગ...

INTERVIEW એક્ટર-દિગ્દર્શક પંકજ કપૂરે ફિલ્મ અને થિએટરના અનુભવ વિશે વાત કરતા કહ્યું...

'તમે જે ફિલ્ડમાં કામ કરો છો તો તેમાં તાલીમ મહત્ત્વની છે'

નટરાણી ખાતે આજે 'દોપહેરી' ડ્રામેટિક રીડિંગ શો યોજાશે

પુનિત ઉપાધ્યાય, અમદાવાદ: ઈન્ડિયન એક્ટર, દિગ્દર્શક અને થિયેટર પર્સનાલિટી પંકજ કપૂર અમદાવાદની મુલાકાતે છે ત્યારે સિટી ભાસ્કરે એક્ટરના થિયેટર, ફિલ્મ વગેરે વિષયે વાત કરી હતી. પંકજ કપૂરે 4 દિવસમાં લખેલ નવલકથા 'દોપહેરી'નું આજે નટરાણી ખાતે રીડિંગ થશે. જેની વાર્તા 65 વર્ષનાં એકલાં રહેતાં મહિલાની વાત પર આધારિત છે. આ શોમાં નોવેલ 'દોપહેરી'ને ડ્રામેટિક રીતે રજૂ કરાશે. પંકજ કપૂરને શ્રેષ્ઠ અભિનેતા માટેનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અને શ્રેષ્ઠ અભિનેતા (વિવેચક) માટેનો ફિલ્મફેર પુરસ્કાર પણ મળી ચૂક્યો છે.

Q ફિલ્મોની દુનિયામાં તમારી સફર કઈ રીતે શરૂ થઈ હતી?

'માલગુડી ડેઝ' અને 'કરમચંદ' જેવી ટેલિવિઝન સિરિયલોમાં કામ કરવાની શરૂઆત તે મારું ટીવી સાથેનું જોડાણ હતું. જે આગળ જતાં 1982માં 'આરોહન' ફિલ્મ રિલીઝ સાથે ફિલ્મોમાં કલાકાર તરીકે કામ કરવાની શરૂઆત કરી.

Q ટીવી, ફિલ્મો અને થિએટરમાંથી સૌથી વધુ ચેલેન્જિંગ શું લાગ્યું?

ટીવી, ફિલ્મો અને થિએટર દરેક પ્લેટફોર્મ ચેલેન્જિંગ રહ્યું છે. આજે નોવેલનું ડ્રામેટિક રીડિંગ કરવાનો છું તો તેને લઈને પણ એટલો જ નર્વસ છું. એક્ટર તરીકે તમે જ્યારે એક પ્રેક્ષક કે કેમેરાની સમક્ષ હાજર થાવ છો તે સમય સરળ નથી હોતો. કલાકાર તરીકે તમારામાં કેટલો દમ છે તે લોકો સમક્ષ પુરવાર કરવાનો હોય છે. પ્રેક્ષક તરીકે એક્ટિંગ જોવામાં જ સરળ લાગે છે.

> *યંગસ્ટર્સને હું કહીશ કે તમે જે ફિલ્ડમાં કામ કરો છો તો તેમાં તાલીમ મહત્વની છે. તાલીમ લઈને સૌપ્રથમ પોતાને એજ્યુકેટ કરો અને પછી પોતાની જવાબદારી સમજો. લોકોને મનોરંજન તો આપવાનું જ છે માટે ઉતાવળ કર્યા વિના કાબેલિયત કેળવીને આગળ વધો. સમય જતાં કોન્ફિડન્સ આવશે જ.*

આંખની સંભાળ અને સારવાર માટે તેજ આઈ સેન્ટર

ડૉ. તેજલ દલાલ
M.S. (Ophthal.) Member of American Academy

દિવ્ય ભાસ્કર નોલેજ સીરીઝ

Q મને ડાયાબિટીસ છે પણ એ કંટ્રોલમાં છે. શું મારા માટે મોતિયાનું ઓપરેશન સુરક્ષિત છે?

A સુગર પ્રોપર કંટ્રોલ કરીને મોતિયાનું ઓપરેશન કરાવવું જોઈએ. ડાયાબિટીસવાળી વ્યક્તિઓમાં મોતિયો વહેલો આવે છે અને ઝડપથી વધે છે. આવા લોકોમાં ઝામરની શક્યતા પણ વધારે હોય છે અને ઘણી વાર ડાયાબિટીસના દર્દીઓમાં સુગર કંટ્રોલ હોય તો પણ આંખનાં પડદામાં સોજો અને લોહીના ડાઘા હોય છે. આવા દર્દીઓમાં આધુનિક ટેક્નોલોજી દ્વારા ક્યુમુલેટીવે ડિસસેમિનેટેડ એનર્જી(CDE) ઓછામાં ઓછી વાપરીને સ્પષ્ટ અને ધારદાર દ્રષ્ટિ આપી શકાય છે. પડદામાં ડાયાબિટીસના ડાઘા નથી તેવું ચોક્કસ નિદાન જરૂરી છે, નહીંતર મોતિયાની સાથે-સાથે આંખના પડદાની ડાયાબિટીસ માટેની ટ્રીટમેન્ટ પણ આવશ્યક બને છે. ડાયાબિટીસના લેવલમાં વધ-ઘટ ના થાય એ જરૂરી છે નહીં તો આંખમાં ઈન્ફેક્શન થવાની શક્યતા રહે છે. જો સુગર બરાબર કંટ્રોલ કરવામાં આવે તો અદ્યતન ટેક્નોલોજીથી મોતિયાના ઓપરેશન ચમત્કારીક પરીણામ લાવી શકે છે. જેમાં દાખલ નથી થવું પડતું, બહેરું કરવા માટે ઈંજેક્શન નહીં, કાપો નહીં, પાટો નહીં, પટ્ટી નહીં, કાળા ચશ્મા નહીં, ખુલ્લી આંખે ઓપરેશનમાં અંદર જવાનું અને ખુલ્લી આંખે ઓપરેશનમાંથી બહાર આવવાનું, બે કલાકમાં રોજીંદી જિંદગીમાં પાછા જઈ શકાય છે, રસોઈ પણ કરી શકાય, ટીવી પણ જોઈ શકાય અને વાહન પણ ચલાવી શકાય છે. માત્ર એક કી હોલ જેટલા કાણાંમાંથી આંખનું ઓપરેશન કરવામાં આવે છે. આવી અદ્યતન ટેક્નોલોજીથી ઓપરેશન કરવામાં મોતિયાંના ઓપરેશન પછી ડાયાબિટીસનાં દર્દીઓમાં કોઈ વધુ જોખમની સંભાવના નથી હોતી.

આંખને લગતા પ્રશ્નો, 7778057500 નંબર પર વ્હોટ્સએપ કરો અને તમે પૂછેલા સવાલના જવાબ દર શુક્રવારે ડૉ. તેજલ દલાલની કોલમ દ્વારા દિવ્ય ભાસ્કરમાં પ્રસિદ્ધ થશે

આપત્તિ માટે હેમ રેડિયો ઓપરેટરની ટીમ તૈયાર કરાશે: દેવુસિંહ ચૌહાણ

અમદાવાદ : સાયન્સ સિટી ખાતે હેમ રેડિયો ફેસ્ટિવલનું આયોજન કરાયું હતું. ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ એમેચ્યોર રેડિયો, ગાંધીનગર દ્વારા યોજાયેલ આ 2 દિવસીય કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં કેન્દ્રિય મંત્રી દેવુસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે જણાવ્યું કે, 'માનવજાત પર આવતી કુદરતી આફતોના સમયમાં અને બધી જ ટેક્નિકલ સિસ્ટમ ફેઈલ થઈ ગઈ હોય તેવા સમયે પ્રત્યાયન માટે હેમ રેડિયો વરદાનરૂપ સાબિત થાય છે. હેમ રેડિયો ઓપરેટર એટલે કે 'હેમ્સ' એ એક એવી કોમ્યુનિટી છે જે ધરતીકંપ, પૂર, વાવાઝોડા જેવા કપરા સમયમાં લોકોની મદદ માટે ખડે પગે તૈયાર હોય છે. રાજ્યમાં આવેલા કચ્છના ધરતીકંપ સમયે તથા તાઉતે અને બિપોરજોય વાવાઝોડાના સમયમાં હેમ્સ દ્વારા પ્રત્યાયનમાં મદદ પૂરી પાડવામાં આવી હતી. દેશમાં સંચાર ક્ષેત્રે જરૂરી સુધારા વધારા દ્વારા સિસ્ટમને નવો ઓપ આપવામાં આવ્યો છે અને 'સિટિઝન સેન્ટ્રિક સિસ્ટમ' બનાવવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રિફોર્મ સાથે પરફોર્મ કરવાની ઇચ્છાશક્તિ સાથે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' અને 'ઈઝ ઓફ લિવિંગ'ના મંત્ર સાથે સિટિઝન સેન્ટ્રિક ગવર્નન્સ અમલી બનાવ્યું છે. જાપાનમાં આજે એક લાખથી વધુ હેમ કાર્યરત છે. આવનારા સમયમાં શાળાકીય શિક્ષણમાં જ સાયન્સ અને ટેકનોલોજીના વિષયોમાં હેમ રેડિયો વિશે બાળકોને ભણાવવામાં આવે અને દેશમાં આવનારા સમયમાં અને આવનારી કુદરતી આપત્તિઓ માટે હેમ રેડિયો ઓપરેટરની એક મોટી ટીમ તૈયાર થાય તે માટે ચોક્કસ દિશામાં પ્રયત્નો કરાશે.' સાયન્સ સિટી ખાતે યોજાયેલ હેમ રેડિયો ફેસ્ટિવલમાં દેશભરમાંથી 800થી વધુ હેમ રેડિયો ઓપરેટર ભાગ લેશે. હેમ રેડિયો સંબંધિત એક્ઝિબિશનમાં વિનામૂલ્યે એન્ટ્રી મેળવી શકાશે.

દરિયાઈ કામગીરી માટે એમઓયુ થયાં

ગાંધીનગર: રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ એન્ડ મેરીટાઈમ સિક્યોરિટી સ્ટડીઝ અને ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસ વચ્ચે MoU સાઈન કરવામાં આવ્યાં છે. જેનો ઉદ્દેશ દરિયાઈ કામગીરી, નૌકા યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના ક્ષેત્રમાં વર્તમાન પરિસ્થિતિની ચર્ચા કરવાનો છે. આ બાબતે RRUના વીસી ડૉ. બિમલ પટેલે કહ્યું કે, 'ભારત વિશ્વના ટોચના પાંચ જહાજ નિર્માણ રાષ્ટ્રોમાંથી એક બનવા માટે તૈયાર છે. દેશનો મંત્ર 'મેક ઇન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ' છે.' તેમજ ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસના કેદીર અવોલ ઓમરે વૈશ્વિક શિપિંગના આર્થિક મહત્ત્વ વિશે વાત કરી હતી.

EXHIBITION CEPT યુનિવર્સિટીમાં શરૂ થયેલ વિન્ટર એક્ઝિબિશન 8 ડિસેમ્બર સુધી ચાલશે

વિદ્યાર્થીઓએ ટાઉન પ્લાનિંગ, બિલ્ડિંગ ડિઝાઇન જેવી સમસ્યાઓના સમાધાન પર મોડલ્સ બનાવ્યા

દરેક ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ પોતાના સેમેસ્ટર એન્ડિંગ પ્રોજેક્ટ અંતર્ગત જુદા જુદા પ્રોજેક્ટ બનાવ્યા

અમદાવાદ : શહેરની CEPT યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના સેમેસ્ટર એન્ડ પ્રોજેક્ટ્સનું 'વિન્ટર એક્ઝિબિશન' શરૂ થયું. જેમાં ફેકલ્ટી ઓફ ડિઝાઈન, ફેકલ્ટી ઓફ ટેક્નોલોજી, ફેકલ્ટી ઓફ પ્લાનિંગ, ફેકલ્ટી ઓફ આર્કિટેક્ચર અને ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ વિવિધ પ્રોબ્લમ સોલ્વિંગ ઓબ્જેક્ટ્સના મોડલ્સને ડિસ્પ્લેમાં મૂકવામાં આવ્યા છે. આ એક્ઝિબિશન આગામી 8 ડિસેમ્બર સુધી ચાલશે. આ એક્ઝિબિશનમાં ફેકલ્ટી ઓફ પ્લાનિંગના વિદ્યાર્થીઓએ શહેરના વિવિધ વિસ્તારોમાં વધારાની જગ્યાનો ઉપયોગ લોકોના હિત માટે કેવી રીતે કરી શકાય તે અંગેના વિવિધ પ્રોટોટાઈપ તૈયાર કર્યાં.

ફેકલ્ટી ઓફ ટેક્નોલોજીના વિદ્યાર્થીઓએ વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ્સ તેમજ બિલ્ડિંગ પદ્ધતિમાં નવી ટેક્નોલોજીના ઉપયોગથી કેવી રીતે સમય અને પર્યાવરણની જાળવણી કરી શકાય તે પ્રકારના પ્રોજેક્ટ ડિસપ્લેમાં મુક્યા છે. ફેકલ્ટી ઓફ આર્કિટેક્ચરના વિદ્યાર્થીઓએ પોતાના ઈમેજિનેશનથી તૈયાર કરેલ બિલ્ડિંગના ડિઝાઈન મોડલ્સ તૈયાર કર્યાં તે ઉપરાંત ફેકલ્ટી ઓફ ડિઝાઈનના વિદ્યાર્થીઓએ જુદી જુદી ડિઝાઈન થકી હ્યુમન પ્રોબ્લેમ્સ સોલ્વિંગને કેન્દ્રમાં રાખીને વિવિધ મોડલ્સની ડિઝાઈન તૈયાર કરી છે.

ફેકલ્ટી ઓફ ટેક્નોલોજીના વિદ્યાર્થી વત્સલ ઠાકરે બ્રિજના મોનિટરિંગ માટે બનાવેલ ડિવાઈસ થકી બ્રિજ પર વાહનોના ઓવરલોડને લીધે તેના આયુષ્ય અંગે માહિતી એકત્ર કરી શકાય છે.

ફેકલ્ટી ઓફ પ્લાનિંગના વિદ્યાર્થીઓએ પોતાના ઈમેજિનેશન થકી એક ઈમારતથી બીજી ઈમારતને જોડતા બ્રિજ સાથેની બિલ્ડિંગનું મોડલ તૈયાર કર્યું.

ફેકલ્ટી ઓફ આર્કિટેક્ચરના વિદ્યાર્થીઓએ પોતાની સૂઝબૂઝથી હ્યુમન સાઈઝની ઈમારતની ડિઝાઈન તૈયાર કરી.

ઈન્ટરનેશનલ શેફ વીમોને સ્પેશિયલ થાઈ ફૂડ ફેસ્ટિવલનું મેનુ તૈયાર કર્યું

ટ્રેડિશનલ થાઈ મસાલા સાથે ફૂડ ડિશ સર્વ કરાઈ

ગાંધીનગર: ધ લીલા ગાંધીનગર ખાતે થાઈ ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરાયું. જેમાં મહેમાનોને થાઈ વાનગીઓનો સ્વાદ માણવા માટે આમંત્રિત કરવામાં આવ્યા. થાઈ ફૂડ ફેસ્ટિવલનું મેનુ જાણીતા મહિલા શેફ શેફ વીમોન દ્વારા તૈયાર કરાયું છે. થાઈ ફૂડ ફેસ્ટિવલના મેનુમાં પરંપરાગત થાઈ મસાલા ધરાવતી સ્વાદિષ્ટ વાનગી પસંદ કરાઈ છે, જેમાં સ્પાઈસી થાઈ સૂપ, પીનટ સોસ વડે તૈયાર કરાયેલ થાઈ ફ્રાઈડ ટોફુ, ગ્રીન પપૈયા સલાડ ઉપરાંત મેઈન કોર્સની વાનગીઓ સાથે સ્ટીર ફ્રાઈડ બામ્બુ શૂટસ, વેજિટેબલ્સ, સ્પાઈસી મશરૂમ જેવી વાનગીઓ તૈયાર કરાઈ છે. 3 ડિસેમ્બર સુધી ચાલનારા આ ફેસ્ટિવલમાં સોસમાં પકવેલા ફ્લેટ રાઈસ નૂડલ્સ વીથ સ્વીટ સોસ, થાઈ ગ્રીન કરી, થાઈ રેડ કરીને એસોર્ટેડ સાટે પીરસવામાં આવી રહ્યાં છે. ડેઝર્ટ સ્પ્રેડમાં કોકોનટ સાથે સ્ટીમ રાઈસ ડમ્પલિંગ, કોકોનટ ક્રીમ ઈન રેડ રૂબીઝ, સ્ટિમ્ડ પમ્પકીન કેક અને શેફ વીમોને તૈયાર કરેલ સ્પેશ્યલ ડેઝર્ટનો સમાવેશ કરાયો છે. આ ફેસ્ટિવલ અંગે ધ લીલા ગાંધીનગરના જનરલ મેનેજર વિકાસ સૂદ જણાવે છે કે,'થાઈ ફૂડ ફેસ્ટિવલ થકી શેફ વિમોનની નિપુણતાને કારણે થાઈ વાનગીઓનો ઉત્સવ શક્ય બન્યો છે, જે અમારા મહેમાનોને વધુ વાનગીઓ માણવા માટે પ્રેરશે. શેફ વિમોન માત્ર થાઈ વાનગીઓના જ નિષ્ણાત છે એવું નથી, તે ભારતીય સમુદાયના સ્વાદ અંગેના પણ જાણકાર છે. તે વિવિધ પ્રકારની કરી અને પોતાની સિગ્નેચર રેસિપીઝના કારણે જાણીતાં છે. તે દરેક ગેસ્ટને પર્સનાલાઈઝ્ડ અનુભવ પૂરો પાડવાની ભાવના સાથે સ્વાદિષ્ટ વાનગીઓ પીરસી રહ્યાં છે.'

વિદ્યાર્થીઓ માટે કરિયર ફેરનું આયોજન કરાશે

અમદાવાદ : એચ.બી. કાડપડિયા ન્યુ હાઈસ્કૂલ મેમનગર કેમ્પસ ખાતે કનેક્ટ કરિયર ફેરનું આયોજન કરાશે. 2 ડિસેમ્બરના રોજ કેમ્પસમાં યોજનાર આ કરિયર ફેરમાં દેશ-વિદેશની વિવિધ 50 જેટલી યુનિવર્સિટીના પ્રતિનિધિઓ જોડાશે. જેઓ વિદ્યાર્થીઓને ધોરણ 12 પછી કયા પ્રવાહમાં જવુ અને કઈ યુનિવર્સિટીમાં એડમિશન લઈ શકાય તે અંગે માહિતી આપશે. આ કરિયર ફેરમાં HBK સ્કૂલ ઉપરાંતના વિદ્યાર્થીઓ બપોરે 3થી 5 વાગ્યા દરમિયાન જોડાઈ શકશે.

હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટ્સ ધરાવતો 'સરસ મેળો' યોજાયો

અમદાવાદ : રિવરફ્રન્ટ ખાતેના વલ્લભસદન ગ્રામીણ વિકાસ મંત્રાલય અને ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની દ્વારા 'સરસ મેળો'નું આયોજન કરવામાં આવ્યું. 4 ડિસેમ્બર સુધી ચાલનાર આ મેળામાં દેશની વિવિધ મહિલાઓ તૈયાર કરેલ હેંડીક્રાફ્ટ, હેન્ડલૂમ, ફૂડ પ્રોડક્ટ, હેલ્થ-હાઈજિન, બ્યુટી પ્રોડક્ટ, એક્સેસરીઝ, કપડાં, હોમ ડેકોર જેવા વિવિધ પ્રોડક્ટ્સને ડિસ્પ્લે કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોની 45 જેટલી મહિલાઓના ગ્રુપના કુલ 150 પ્રોડક્ટ ક્રાફ્ટ સ્ટોલની સાથે 20 ફૂડ સ્ટોલ ઉભાં કરાયાં છે. મહિલાઓ વિવિધ પ્રોડક્ટ બનાવી શકે તે અર્થે તેમને ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની દ્વારા તાલીમ પણ આપવામાં આવે છે. જે તાલીમ થકી બનાવેલ પ્રોડક્ટને વેચાણ અર્થે મૂકી શકાય તે અર્થે આ 'સરસ મેળો' યોજાયો છે. 'સરસ મેળો' અંતર્ગત આગામી 3 ડિસેમ્બરના રોજ સાંજે ગાયક ગીતાબેન રબારીનો સંગીત કાર્યક્રમ પણ યોજાશે.

CHANGE OF NAME
I have changed my daughter old name
PATEL ARYA DHAVALKUMAR
to new name **PATEL ARYA NARESHKUMAR**
-: ADDRESS :-
GOVARDHANNAGAR-2, NR.VALLABHNAGAR SCHOOL, OPP-GAUSHALA, ATMANSA, GANDHINAGAR-382845.

શારદામંદિર સ્કૂલમાં આજથી બે દિવસનો સાહિત્યોત્સવ

અમદાવાદ: શારદા મંદિર સ્કૂલના શતાબ્દી વર્ષના ઉપક્રમે સાહિત્યોત્સવનું આયોજન કરાશે. 1-2 ડિસેમ્બર સુધી સ્કૂલનાં પરિસરમાં યોજાનાર આ કાર્યક્રમમાં આજે બપોરે 2 વાગે શારદા મંદિરના સાહિત્યનું ઈ-લોન્ચિંગ, બાળસંગીત, ફેન્સી ડ્રેસ કોમ્પિટિશન અને લોકગીતોની પ્રસ્તુતિ થશે. ત્યારબાદ બપોરે 3.30 વાગે અનુરાધાદેરાસરી, સુધા ભટ્ટ અને ગ્રૂપનું વાર્તા રે વાર્તા સેશન યોજાશે. સાંજે 5 વાગે અર્ચન ત્રિવેદીનું વાતનું વતેસર નાટક ભજવાશે. બીજા દિવસે સવારે 9.15 વાગે ચિંતન ભટ્ટ ચાંદામામા, સૂરજદાદા ચંન્દ્રયાન અને આદિત્ય L1ની વાત કરશે.

-:: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર વિરલ બિપીનભાઈ દવે–એડવોકેટ, મુ. હળવદ વાળા આથી અમારા અસીલ હર્ષાબેન રજનીકાંત ધોરણીયા તે રૂગનાથભાઈ પટેલ નાં દિકરી, રહેવાસી–એચ/૩૦૨, માલાબાર કાઉન્ટી–૧, નિરમા યુનિવર્સીટી પાછળ, છારોડી, ચાંદલોડીયા, અમદાવાદ વાળાનાં વકીલ દરરજે તથા તેમની સુચના અને માહિતી નાં આધારે આ જાહેર નોટીસ થી તમામ લાગતા–વળગતા લોકોને જાણ કરીએ છીએ કે,

મોરબી જીલ્લા નાં હળવદ તાલુકા નાં ગામ–જોગડ માં આવેલ રે.સ.નંબર–૧૬૦/પૈકી૧, જેનાં હે. ૧–૦૩–૧૯ પ્રતિઆરે વાળી જમીન ભગવાનભાઈ રામજીભાઈ મોરી તથા રે.સ.નંબર–૧૬૦/પૈકીર, જેનાં હે. ૧–૦૩–૨૦ પ્રતિઆરે વાળી ખેતી ની જમીન જગજીવનભાઈ રામજીભાઈ મોરી નાં માલીકી ની આવેલ છે

ઉપરોક્ત દર્શાવેલ રેવન્યુ સર્વે નંબર વાળી ખેતી ની જમીન અમારા અસીલ હર્ષાબેન રજનીકાંત ધોરણીયા તે રૂગનાથભાઈ પટેલ નાં દિકરી ખરીદ કરવા માંગતા હોય જેથી આ જાહેર નોટીસ થી તમામ લાગતા–વળગતા લોકો, તમામ બેંક, તમામ સહકારી મંડળીઓ, તમામ સરકારી તથા અર્ધસરકારી સંસ્થાઓ, વ્યકિતગત તથા સામુહીક રીતે જાણ કરીએ છીએ કે ઉપરોકત દર્શાવેલ રેવન્યુ સર્વે નંબરોવાળી જમીન પરત્વે કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો કે હિત–સબંધ સંકળાયેલ હોયતો આ નોટીસ પ્રસિધ્ધ થયે થી ૧૦ દિવસ ની અંદર નીચે જણાવેલ સરનામે જરૂરી દસ્તાવેજી પુરવા સાથે લેખીતમાં વાંધો રજુ કરવો અને જો તેમ કરવામાં નહી આવેતો સદરહું રેવન્યુ સર્વે નંબરોવાળી ખેતી ની જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર કે હિત સમાયેલ નથી તેમ માનીને અમારા અસીલ સદરહું જમીન નો ધ રજીસ્ટ્રેશન એકટની કલમ–૧૭ પ્રમાણે સદરહું જમીનનો અધાટ વેચાણ નો રજીસ્ટર દસ્તાવેજ કરાવી લેશે તેની તમામ લાગતા–વળગતા લોકો તથા સંસ્થાએ નોંધ લેવી.

વિરલ બિપીનભાઈ દવે (એડવોકેટ)
ઓફિસ : જુની મામલતદાર કચેરીની સામે, હળવદ, તા.હળવદ.મો. 97125 55551

શ્રદ્ધાંજલિ



સ્વ. કોદરભાઈ રામાભાઈ પટેલ
સ્વ.તા.30/૧૧/૨૦૨૩, ગુરૂવાર
કુદરતના ક્રમને માનવ પલટાવી નથી શકતો
તમે આજે સદેહ અમારી વચ્ચે નથી
પણ તમારી આત્મીયતારૂપી હાજરી સદાય અમારી સાથે રહેશે.
ઈશ્વર આપના દિવ્ય અને પવિત્ર આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

ગં.સ્વ. હિરાબેન કોદરભાઈ પટેલ

મોતીભાઈ રામાભાઈ પટેલ (તલાટી)
અમૃતભાઈ કોદરભાઈ પટેલ (A.M.C.)
મંગાભાઈ કોદરભાઈ પટેલ (A.M.C.)
નરેશ મોતીભાઈ પટેલ
સ્મિત મંગાભાઈ પટેલ
માર્યેશ નરેશ પટેલ
વર્ષાબેન નટુભાઈ પટેલ (પુત્રી)
સ્વ. જતનબેન મોતીભાઈ પટેલ
ઈલાબેન અમૃતભાઈ પટેલ
જયશ્રીબેન મંગાભાઈ પટેલ
નિકીતા નરેશ પટેલ
ચશ્વી સ્મિત પટેલ
ક્વિના નરેશ પટેલ
આર્વી અમૃતભાઈ પટેલ
સુધાબેન સલીલકુમાર પટેલ (પુત્રી)

ICICI Home Finance | **કોર્પોરેટ ઓફીસ :** આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર,અંધેરી કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૯, ઈન્ડિયા
બ્રાંચ ઓફીસ : શોરૂમ નં. ૨, પહેલા માળે, ઓફિસ નં. બી-૧૨૦, શાંતિનિકેતન બીઝનેસ પાર્ક, ગંગોત્રી સર્કલ, નીકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦ (જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

સ્થાવર સંપત્તિના વેચાણ માટેની નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના રૂલ્સ ૮ (૬) હેઠળ સ્થાવર અસ્કયામતનું ઈ-ઓકશન વેંચાણ નોટીસ

કરજદારો અને જામીનદારોને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મળેલ સત્તાની રૂએ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડની બાકી માટે નીચે જણાવેલ અસ્કયામત અધિકૃત અધિકારી દ્વારા પ્રત્યક્ષ કબજો લેવામાં આવેલ છે. નીચે સહી કરનારે જ્યાં છે જેમ છે અને જે છે એ આધારે અહીં નીચે સંક્ષિપ્તમાં જણાવેલ સ્થાવર મિલ્કતની વેચાણ કરવા ઓફર આમંત્રિત કરવામાં આવે છે.

અનુ નં. (એ)	દેવાદાર/રો, સહદેવાદાર/રો જામીનદારોના નામ/ લોન એકાઉન્ટ નંબર (બી)	ટાંચમાં લીધેલ મિલ્કતની વિગત (સી)	બાકીની રકમ (ડી)	અનામત કિંમત / જમા કરાવવાની બાનાની રકમ (ઈ)	મિલ્કત નિરીક્ષણની તારીખ અને સમય (એફ)	હરરાજીની તારીખ અને સમય (જી)
૧.	અબદુલ હકીમ મહોમદસફી મનસુરી (દેવાદાર) જીગરજાન હકીમભાઈ મનસુરી (સહ-દેવાદાર) આફતાબ મનસુરી (સહ-દેવાદાર-૨) ફકસારબાનુ જીગરજાન મનસુરી (સહ-દેવાદાર-૩) લોન અકાઉન્ટ નં. LHAHW00001318454	યુનિટ નં. ૩૭, સીટી સર્વે નં. ૩૬૨૩/૧/૫૭ સ્થિત, મુલચંદ પાર્ક સોસાયટી, જુના પાણીના ટાંકા પાસે, મોજે પેથાપુર ગાંધીનગર ગુજરાત-૩૮૨૦૧૦.	₹ ૩૫,૯૭,૩૫૭/- (૨૨ નવેમ્બર, ૨૦૨૩)	₹ ૩૬,૧૯,૮૦૯/- / ₹ ૩,૬૧,૯૯૦/-	૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ સવારે ૧૧:૦૦-બપોરે ૦૩:૦૦	૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ બપોરે ૦૨:૦૦-બપોરે ૦૩:૦૦
૨.	અબ્દુલ હકીમ મહોમદસફી મનસુરી (દેવાદાર) જીગરજાન હકીમભાઈ મનસુરી (સહ-દેવાદાર) આફતાબ મનસુરી (સહ-દેવાદાર-૨) ફકસારબાનુ જીગરજાન મનસુરી (સહ-દેવાદાર-૩) લોન અકાઉન્ટ નં. LHAHW00001318507	યુનિટ નં. ૧૦, સીટી સર્વે નં. ૩૬૨૩/૧/૩૦ પેથાપુર તાલુકો અને જીલ્લો ગાંધીનગર ગુજરાત-૩૮૨૦૧૦.	₹ ૪૫,૦૧,૧૬૩/- (૨૨ નવેમ્બર, ૨૦૨૩)	₹ ૪૬,૬૮,૮૪૦/- / ₹ ૪,૬૬,૮૯૦/-	૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ સવારે ૧૧:૦૦-બપોરે ૦૩:૦૦	૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ બપોરે ૦૨:૦૦-બપોરે ૦૩:૦૦
૩.	અબ્દુલ હકીમ મહોમદસફી મનસુરી (દેવાદાર) જીગરજાન હકીમભાઈ મનસુરી (સહ-દેવાદાર) આફતાબ મનસુરી (સહ-દેવાદાર-૨) ફકસારબાનુ જીગરજાન મનસુરી (સહ-દેવાદાર-૩) લોન અકાઉન્ટ નં. LHAHW00001318458	યુનિટ નં. ૩૬, સીટી સર્વે નં. ૩૬૨૩/૧/૫૬, મુલચંદ પાર્ક સોસાયટી, જુના પાણીના ટાંકા પાસે, પેથાપુર ગાંધીનગર ગુજરાત-૩૮૨૦૧૦.	₹ ૪૫,૦૧,૧૬૩/- (૨૨ નવેમ્બર, ૨૦૨૩)	₹ ૩૧,૦૪,૪૮૪/- / ₹ ૩,૧૦,૩૫૦/-	૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ સવારે ૧૧:૦૦-બપોરે ૦૩:૦૦	૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ બપોરે ૦૨:૦૦-બપોરે ૦૩:૦૦

ઓનલાઈન હરરાજી અમારી ઓકશન એજન્સી 'ગ્લોબ ટેક' ની વેબસાઈટ (URL Link-/https://BestAuctionDeal.com) પર યોજાશે. ગીરો મુકનારને ૧૮-૧૨-૨૦૨૩ના સાંજે ૦૫-૦૦ વાગ્યા સુધી બાકી રકમ તથા તેના પરનું વ્યાજ ભરી જવા માટે છેલ્લી તક છે જો તેમ નહી થાય તો ગીરો મિલ્કત તેના નકકી કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે.

ઈચ્છુક બીડરોએ ઉપરોકત જણાવેલ બાનાની રકમ જે કોલમ નં. (ઈ)માં જણાવેલ છે તે રકમ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, શોરૂમ નં. ૨, પહેલા માળે, ઓફિસ નં. બી-૧૨૦, શાંતિનિકેતન બીઝનેસ પાર્ક, ગંગોત્રી સર્કલ, નીકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦ તે ૧૮-૧૨-૨૦૨૩ બપોરે ૦૪-૦૦ વાગ્યા પહેલા માણે તે રીતે જમા કરાવવી. ઈચ્છુક બીડરોએ સહી કરેલા રજીસ્ટ્રેશન ફોર્મ અને બીડને નિયમો અને શર્તોનુ ફોર્મ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, શોરૂમ નં. ૨, પહેલા માળે, ઓફિસ નં. બી-૧૨૦, શાંતિનિકેતન બીઝનેસ પાર્ક, ગંગોત્રી સર્કલ, નીકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦ ખાતે ત્યાર જ અથવા ૧૮-૧૨-૨૦૨૩ ના રોજ સાંજ